સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ દ્વારા

# વિશ્વ દિવ્યાંગ દિન નિમિત્તે રેલીનું આયોજન કરાયું




ગાંધીનગર, તા. ૪

સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ ગાંધીનગર જિલ્લામાં છેલ્લાં ૧૭ વર્ષથી કાર્યરત છે અને ઉત્તર ગુજરાતના ૬ જિલ્લામાં બાળકોના હક્કો, મહિલા સશક્તિકરમ તેમજ આરોગ્ય અને દિવ્યાંગજનોનાં જીવનધોરણમાં સુધારા લાવવા જેવી પ્રવૃત્તિઓ કરે છે.

મંગળવારે વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણીના ભાગરૂપે જાહેર જનતામાં દિવ્યાંગો પ્રત્યે સારો અભિગમ કેળવાય અને જનતા તેઓનું મહત્ત્વ સમજતી થાય તે હેતુથી સંઘના નિયામક ફાધર ઝેવિયર જેમ્સના નેતૃત્વ હેઠળરેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલથી છ-૩ સર્કલ સુધી નીકળી પરત સ્કૂલ આવી હતી. આ રેલીમાં સંસ્થાના વડા આર્ચબિશપ થોમસ મેકવાન અને જીએસડીએમએના એડિશનલ સીઈઓ વિક્ટર મેકવાન, ૧૫૦ દિવ્યાંગ બાળકો અને સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો, નાગરિકો જોડાયા હતા.



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં બુધવારે ફ્રુટ ડેની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો અલગ અલગ ફ્રુટની વેશભૂષા ધરીને શાળામાં આવ્યાં હતાં. તેમને વિવિધ ફળો ખાવાથી થતા ફાયદાની સમજ આપવામાં આવી હતી તથા ફળોનાં ચિત્રોમાં રંગપૂરણી કરાવવામાં આવી હતી.



શારદાયતન વિદ્યાલય, સુરતના ધોરણ-૫થી ૮ના ૯૫ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૨ શિક્ષકોએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. કુલસચિવ અશોકભાઈ પ્રજાપતિએ સૌને આવકાર આપ્યો હતો અને કુલપતિ હર્ષદભાઈ શાહે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે બાળકોને સમજાય તેવી ભાષામાં શરીર, મન, પ્રાણ, બુદ્ધિ અને આત્માના વિકાસની અગત્યસમજાવી હતી.

### ડાયરેક્ટ ❤ સે

પરોક્ષ બોલાય
તે પ્રશંસા
પ્રત્યક્ષ બોલાય
તે ખુશામત
પરંતુ
હૃદયથી બોલાય
તે કદર

### જન્મદિને વધામણી



મેહુલ બી શાહ
મો. ૯૮૨૫૫ ૩૧૬૬૯



અર્ચનાબા
વિવેકસિંહ ચૌહાણ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# શ્રીમતી આર. એન. પટેલ પ્રાઈમરી સ્કૂલનાં બાળકો આનંદ પ્રવાસે







સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે સાણંદ ખાતે સ્થિત શાંતિ સુમન ક્લબ રિસોર્ટની મુલાકાત આયોજન કરવામાં આવ્યું હતું. ખુલ્લા વાતાવરણમાં વિદ્યાર્થીઓએ રમતોનો ભરપૂર આનંદ માણ્યો હતો અને મૂવી તથા મૅજિકનું મનોરંજન પણ માણ્યું હતું. વિદ્યાર્થીઓમાં સમૂહભાવના વિકસે તે હેતુથી તેમના માટે સમૂહ ભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શિક્ષકો આ પ્રવાસમાં વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા.

# નૃત્ય સંધ્યા : કલાગુર્જરીના ઉત્તમ કાર્યક્રમો પૈકી એક





ઉત્કૃષ્ઠ ! ઉત્તમ ! સુપર્બ ! આવા જ ઉદગારો કાર્યક્રમ દરમિયાન સતત સાંભળવા મળ્યા, એવો શબ્દ, સુર, તાલ, લય અને નૃત્યના સંગમનો અદ્ભૂત કાર્યક્રમ ગાંધીનગરની 'કલાગુર્જરી' દ્વારા યોજાઈ ગયો. રચનાની પ્રત્યેક અભિવ્યક્તિ તાળીઓના ગડગડાટથી વધાવાઈ. 'કલાગુર્જરી ગાંધીનગર' દ્વારા આયોજિત કાર્યક્રમ 'નૃત્ય સંધ્યા'નો આ નજારો હતો. 'કલાગુર્જરી'એ એમની તાસીર મુજબ ગાંધીનગરમાં 'નૃત્યભારતી પર્ફોર્મિંગ આર્ટ્સ'નો નવો પ્રયોગ રજૂ કરેલ. ભરતનાટ્યમ પોતીકી ભાષામાં !

હંમેશા સુર, તાલ અને લયની સંવાદિતાને ત્રિવેણી સંગમ રૂપે જોવામાં આવે છે, પરંતુ અહીં તો શબ્દોની આભા પણ અનેરી હતી. સગાં-સ્નેહીની દીકરીઓનો આરંગેત્રમ આપણે સર્વે માણીએ છીએ. પરંતુ એમાં સંસ્કૃત વાઙમય અને દક્ષિણ ભારતીય ગાયન શૈલી હોવાથી કલાની અભિવ્યક્તિ એટલી આત્મસાત થતી નથી. જયારે અહીં નૃત્યભારતીના શ્રી ચંદન ઠાકોર ભરતનાટ્યમની પાર્શ્વભૂમિ પર એક નવો જ પ્રયોગ લાવ્યા હતા.

પહેલી રચના 'મા સરસ્વતીની આરતી' હતી.

'મા સરસ્વતીની કરો આરતી, સરસ્વતીની કરું આરતી..'

કવિ તુષાર શુક્લ આ આરતીને 'માનવ મન મંદિર અજવાળવાથી' શાંતિ સુધીની પ્રાર્થનામાં પરિવર્તિત કરી દે છે. આ રચનાને સ્વરબદ્ધ શ્યામલ-સૌમિલ મુનશીએ કરેલ. નૃત્ય કોરિયોગ્રાફી ચંદનજીએ કરેલ. નૃત્યની મુદ્રા દ્વારા અભિવ્યક્તિ એટલી સહજ હતી કે આંખ સામે 'મા સરસ્વતી' ખડા થઈ જાય. આંખનું મટકું પણ મરાતું નહોતું ! આ સ્થિતિ કાર્યક્રમના અંત સુધી ચાલુ રહી. કલારસિકોના પ્રોત્સાહનથી કલાકારો ખૂબ જ ઉત્સાહિત થઈ ગયાં.

બીજી રચનાને 'સ્વર થી ઈશ્વર' નામ આપેલું. પ્રી-રેકોર્ડેડ ગીત 'હે સૂર્ય આત્મજ્ઞ' આલાપ દેસાઈએ ગાયું હતું. જ્યારે 'પ્રથમ મણિ ૐકાર' અનિકેત ખાંડેકરે ગાયેલ હતું. જેનું સંગીત સ્વ. ક્ષેમુ દિવેટિયાએ આપેલ. સુગમસંગીતમાં સૂર્યસ્તુતિથી લઈ ૐકારાના તરાના સુધીમાં અનેક દેવતાઓને આવરી લેતી આ કૃતિને ચંદનજીએ નૃત્યમાં ઢાળી આપણને એક અનુપમ ભેટ આપી છે.

એ પછીની પ્રસ્તુતિ 'નર્તન કરે નટરાજ' અવિનાશ વ્યાસ લિખિત, જેનું સ્વરાંકન શ્યામલ-સૌમિલ દ્વારા થયેલું અને ગાયક કલાકારો પ્રહર વોરા, ગાર્ગી વોરા અને નિરજ પરીખ હતાં. શિવના આકારીત સ્વરૂપ શંકર તરીકે ખૂબ જ સુંદર રીતે રજૂઆત થઈ. શંકર પાર્વતી પોઠીયો. એનું સહજ શાન્ત સ્વરૂપ અને તાંડવ રૂપ. જટામાંથી ગંગાનું અવતરણ. સઘળું આ રચનામાં આત્મસાત કરવામાં આવેલ હતું. ડમરુના અવાજથી સાક્ષાત શિવ આપણી સામે નર્તન કરતાં હોય એવું ખડું થયું.

ગજાનનની સ્થાપના તો સૌ પહેલા થાય. 'જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા, માતા પાર્વતી પિતા મહાદેવા.' આ પારંપરીક રચનાનું કૃતિને અનુરૂપ સંગીત સંયોજન પણ ચંદનજીનું હતું અને એમાં પણ સૂરોના બોલ તાન આરોહ-અવરોહથી એને અલગ પણ લોકપ્રિય બનાવ્યું હતું. આ કૃતિની રજૂઆત પણ સુંદર રહી.

એ પછીની કૃતિ હતી 'મહિષાસુરમર્દિની'. સંગીત સંયોજન ચંદનજીનું હતું. પુરુષ અને પ્રકૃતિની ગમે તેટલી સરખામણી થતી હોય તો પણ પુરુષને પ્રકૃતિને ખોળે જ જન્મ લેવો પડે છે. પ્રકૃતિ સર્જક છે. જ્યારે જ્યારે દેવો ઈન્દ્ર વગેરે કોઈ દાનવ સામે હારી જાય ત્યારે ત્યારે એ અસુરને હરાવનાર તો પ્રકૃતિ, માતા સ્વરૂપ શક્તિ જ હોય છે. પછી એ અંબા સ્વરૂપે હોય કે મહિષાસુર મર્દીની રૂપે. એ મોહિનીના રૂપમાં હોય કે કાલિકાના અવતારમાં. બધી જ કૃતિઓમાં સુશ્રી નિરાલી ઠાકોર અનુપમ રહ્યાં. અહીં એમની અભિવ્યક્તિ બેજોડ રહી. એ જ રીતે સિંહ તરીકેની ભૂમિકા ભજવનાર કલાકારની અભિવ્યક્તિ પણ શ્રેષ્ઠ રહી. અષ્ટભુજાધારી શકિતને સાત નૃત્યાંગનાઓ દ્વારા અભિવ્યક્ત કરતું દ્રશ્ય બહુ જ નયનરમ્ય લાગતું હતું. મૂળ સ્વરૂપને કાયમ રાખી, બે ભુજા વડે અસુરના મસ્તકને રોળતું બતાવવું... એમાં નાવીન્ય હતું. સર્વે કલાકારો સુપેરે અભિવ્યક્ત થયાં.

હવેની રચના 'ગોવિંદ લીલા' હતી. જેનું સંગીત પણ ચંદનજીનું હતું. નૃત્ય અભિવ્યક્તિનો કાર્યક્રમ હોય અને કૃષ્ણ આવે નહીં એવું કદી બને ! શરૂઆત 'હે કૃષ્ણ ગોવિંદ હરે મુરારી' થી લઈ ક્યારે એ શુદ્ધ તાલના બોલમાં પરિવર્તિત થઈ ગયું ખ્યાલ પણ ન આવ્યો. પણ એ લયમાં જ ભાવકો ઝૂમવા લાગ્યા. અહીં મનમોહક બાલકૃષ્ણની માખણ ચોરી, માતા યશોદા પકડી પાડે છે અને સજા કરે છે, એની હૃદયગંમ પ્રસ્તુતિ હતી. બધી જ કલાકૃતિઓમાં મુખ્ય પાત્ર સુશ્રી નિરાલી ઠાકોરનું હતું.

અર્ધો સમય પૂરો થઈ ગયો હતો, પરંતુ હજુ તો કાર્યક્રમની શરૂઆત થઈ હોય એવું લાગતું હતું. 'હે ચંદ્રમૌલી ! હે ચંદ્રશેખર !' રવિન્દ્ર ઠાકુરે લખેલ જેને ભાઈલાલ બારોટે સંગીતથી મઢયું છે. એ પછી પ્રણયના પ્રતીક સમ દેવતા નટરાજની સ્તુતિ 'પ્રથમ મણિ ૐકારા' અને છેલ્લે રામચરિત માનસમાં વર્ણવેલ શિવ સ્તુતિ પણ સંલગ્ન કરેલ. આમ એક રચનામાં ખરેખર ત્રણ રચનાઓ હતી. જે પ્રહર વોરા ગાર્ગી વોરા અને નીરજ પરીખે ગાયેલી હતી. મૃત્યુના દેવતા શિવ તાંડવ કરી જાણે, એમ પાર્વતી સાથે નર્તન પણ કરી જાણે છે. મહાદેવ અને પાર્વતીની પારંપરિક સુંદર સ્તુતિની પ્રસ્તુતિ પણ એટલી જ સુંદર રહી.

ગુજરાતી રચનાઓ પ્રસ્તુત થતી હોય તો આદ્ય કવિ નરસિંહ મહેતાનું પદ તો આવે જ. એમની કૃતિ 'નાગ દમન'ને આપણે 'જળ કમળ છાંડી જાને બાળા'થી જાણીએ છીએ. આદ્ય કવિ નરસિંહ મહેતાને મહાદેવે ગોપનાથમાં સદેહે રાસલીલાના દર્શન કરાવ્યા હતા. એ એમના અંતરચક્ષુથી કૃષ્ણ લીલા જોઈ શકતા હતા અને એને પદોમાં હૂબહૂ વર્ણવી શકતા હતા. આ તબક્કે ડૉ. માર્ગી હાથીએ રસદર્શન કરાવતાં સરસ વાત કહી કે 'જળ કમળ છાંડી જાને બાળા' એ વિશ્વની સૌથી પ્રાચીન એનિમેશન ફિલ્મ કહી શકાય. એ ગીતની પંક્તિઓ ગાતાં સાંભળતા જ બાળમાનસ પર નાગ અને નટવરનું યુદ્ધ તરવરી ઉઠે છે. એની પ્રસ્તુતિ પણ કલાકારોએ સહજ પણ સુંદર કરી.

જો ગુજરાતી કવિઓની રચના હોય તો અવિનાશ વ્યાસની રચનાનો પણ સમાવેશ થવો જોઈએ.

'દયાના સાગર થઈ ને....

'..મારા રામ તમે સીતાજીની તોલે ન આવો' જનાર્દન રાવલનો સ્વર અને સ્વરાંકન અમર ભટ્ટે કરેલું છે. રામાયણ રામની કહેવાય છે. સીતાજીને રામને પગલે પગલે ચાલતાં બતાવ્યા છે. રજૂઆત સીતા ભક્ત સ્વરૂપે, પુરુષ કલાકારે સુંદર રીતે કરી હતી. જ્યારે કૃતિ આટલી બળકટ હોય ત્યારે એ જ છવાઈ જાય. વળી કાર્યક્રમની પહેલી સોલો કૃતિ હતી.

'મારા સપનામાં આવ્યા હરિ' જોવું પડ્યું ! કવિ રમેશ પારેખની ઉત્તમ રચના. અમર ભટ્ટના સ્વરાંકનમાં પ્રસ્તુત થઈ. મીરાંબાઈના સ્વપ્નમાં હરિ આવ્યા. વાસ્તવિક અને સ્વપ્નની બેવડી પૃષ્ઠભૂમિ પર આ ગીતની સોલો અભિવ્યક્તિ સુશ્રી નીરાલીજીએ પ્રસ્તુત કરી.

'રામ રમકડું જડિયું રે'સ્વરાંકન ચંદનજીનું. સાધુઓએ મીરાંને કૃષ્ણની મૂર્તિ ભેટ આપી ત્યારે એમણે એને રામ રમકડા તરીકે જ પેખી. આ અભિવ્યક્તિમાં બાળ કલાકારના ચેહરા પરનું નિર્દોષ હાસ્ય, જાણે એ અસલ રમકડું જ હોય એવું લાગતું હતું.

ફ્યુઝન : તોફીક કુરેશીની ઉત્તમ કૃતિને ભરતનાટ્યમના પ્લેટફોર્મ પર રજુ કરવી એ નવો પ્રયોગ છે. અનુરૂપ વેશભૂષા સાથેની આ પ્રસ્તુતિ સુંદર રહી. અહીં શબ્દોના બોલ મૌન થઈ જાય છે.

અસલ ભરતનાટ્યમની સંસ્કૃત સ્તુતિ,પારંપરિક પ્રાર્થના આરતીથી લઈને ફ્યુઝન સુધીની સફરમાં, ચંદન ઠાકોરજીની આટલા વર્ષોની નૃત્યની ઉપાસના, નૃત્યની કોરિયોગ્રાફીમાં પ્રત્યેક જગ્યાએ અનુભવવા મળે છે.

ગાંધીનગરને હંમેશા ડૉ. માર્ગી હાથીના રસદર્શનનું આકર્ષણ રહ્યું છે. અંગ્રેજી વિષયના પ્રાધ્યાપિકા હોવાં છતાં ગુજરાતીના તળ સુધી પહોંચ્યાં છે. હંમેશ માફક આ કાર્યક્રમમાં પણ એમણે એ સુપેરે દીપાવી જાણ્યું છે.

'કલાગુર્જરી' ગાંધીનગરનો આ કાર્યક્રમ એમના ઉત્તમ કાર્યક્રમો માંહેનો એક બની રહ્યો. એ આવા ઉત્તમોત્તમ કાર્યક્રમ આપતા રહે, એવી અપેક્ષા.

આ કાર્યક્રમમાં શબ્દોથી સ્વાગત સંસ્થાના પ્રમુખ એન. પી. પટેલે કરેલ. જ્યારે પ્રસંગોચિત ઉદ્દબોધનમાં મહેન્દ્ર ત્રિવેદીએ કહ્યું કે આ કાર્યક્રમ હૃદયને પુલકિત કરવાનો છે. આભારવિધિ અને સંચાલન પ્રદીપસિંહ બિહોલાએ કર્યું હતું.

- અશોક ત્રિવેદી